# એક સમયે નગરની 'શાન' હતા તે બાંકડાઓ અત્યારે નગરની 'શરમ' બની ગયા

## નગરમાં મોટા ભાગના બાંકડાઓ તુટેલી હાલતમાં : રાહદારીઓ તેમજ સિનિયર સિટીઝન્સ માટે આશિર્વાદરૂપ બનેલા બાંકડાઓ અત્યારે ભયજનક બન્યા : નગરસેવકો, ધારાસભ્યો-સંસદસભ્ય વગેરેની ગ્રાન્ટમાંથી મુકાયેલા બાંકડાઓની ગુણવત્તા ઉતરતી કક્ષાની

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં વિશાળ માર્ગો પાસેના ઘટાટોપ વૃક્ષોના સાનિધ્યમાં રાહદારીઓના વિશ્રામ અને નગરજનોની રાહત માટે મુકાયેલા બાંકડા નગરની શાન સમા છે. પરંતુ આ બાંકડાઓની હલકી ગુણવત્તાના કારણે અત્યારે મોટાભાગના બાંકડા તુટી જવા પામ્યાં છે. જેના કારણે સમયનું નગરનું ગૌરવ હવે શરમમાં પરિવર્તિત થતું જણાઈ રહ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર્સથી લઈને સંસદસભ્ય, ધારાસભ્ય તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા નગરમાં ઠેક ઠેકાણે જાહેર સ્થળે સિમેન્ટના બાંકડાઓ મુકવામાં આવ્યા છે. આ બાંકડાઓ નગરના રાહદારીઓને વિશ્રામ માટે તેમજ નગરના વરિષ્ઠ નાગરિકો માટે સમય પસાર કરવામાં ખુબ મદદરૂપ થાય છે. આ બાંકડે ઘણા નગરજનો તેમની બસ પકડવા માટે રાહ જોવા બેસે છે અથવા વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રવૃત્તિ માટે પણ ઉપયોગ કરે છે. ઠેર ઠેર મુકવામાં આવેલા બાંકડાઓ નગરના બહારગામેથી આવતા મુલાકાતીઓમાં સારી છાપ ઉભી કરી રહ્યાં હતા. નગર માટે ગૌરવરૂપ બનેલા આ બાંકડાઓ તેમની હાલતના કારણે અત્યારે 'શરમરૂપ' બની રહ્યાં છે. તદ્દન હલકી ગુણવત્તાના બાંકડાનો તદ્દન બિન ઉપયોગી બની જાય તેટલી હદે ખરાબ હાલતમાં તુટી ગયા છે. મહાનગર પાલિકાના કોર્પોરેટર્સ દ્વારા તેમના વિસ્તારમાં મુકાયેલા બાંકડા હોય કે ધારાસભ્ય કે સાંસદ સભ્ય દ્વારા મુકાયેલા બાંકડા હાલ તો નગરની શોભામાં લોઢાની મેખ સાબિત થઈ રહ્યાં છે. આ સમયે પ્રજાના પૈસે કોર્પોરેટર્સ, ગુડા, ધારાસભ્ય કે સંસદસભ્યની ગ્રાન્ટમાંથી મુકાયેલા આ બાંકડાની ગુણવત્તા અંગે નગરજનોમાં રોષ ફેલાવા લાગ્યો છે. બાંકડાની ખરીદીઓમાં કટકી ચાલતી હોવાની ચર્ચા પણ નગરજનોમાં છાનેછપને ચાલી રહી છે. ઘણા બાંકડા તો બેસનાર ઘાયલ થઈ શકે તેટલી હદે ગંભીર નુકશાનની પરિસ્થિતિમાં આવી ગયા છે.





(તસવીર : કશ્યપ નિમાવત)

# ઘેધુ ચોકડી પાસે ટોળા દ્વારા ફોર્ચ્યુનર કારમાં તોડફોડ

## ચોર-લુંટારું સમજીને વાહનચાલકને ઝપટમાં લઈ લેનાર ટોળકી સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૪

ચોર-લુંટારુંની ગેંગની અફવાઓ માંડ ધીમી પડી છે ત્યારે ગઈ કાલે કલોલ તાલુકાના ઘેધુ ચોકડી વિસ્તારમાં એક ટોળાએ ફોર્ચ્યુનર ગાડી ઉભી રખાવી તોડફોડ કરી નાંખી હતી. નિર્દોષ વાહન ચાલકને હેરાન કરી ગાડીને નુકશાન કરનાર ટોળા સામે કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

ચોર-લુંટારું ગેંગની અફવાથી ભયભીત થયેલું ગ્રામજનોનું ટોળું ગઈ કાલે રાત્રીના સમયગાળામાં ધારીયા, તલવાર, લાકડી જેવા જીવલેણ હથિયારો લઈને રસ્તાઓ પર આવી ચઢયું હતું. તે દરમિયાન ઘેધુ ચોકડી પાસેથી એક ફોર્ચ્યુન ગાડી લઈને નીકળેલા માણસાના સુરેશભાઈ પ્રજાપતિને આ ટોળાએ ઉભા રાખી ચોર લુંટારું સમજીને ગાડી ઉપર હથિયારના ફટકા માર્યા હતા જો કે પછી માલુમ થયું કે કારચાલક નિર્દોષ છે અને માણસા વિસ્તારનો જ છે. જો કે ત્યાં સુધીમાં ગાડીની પુરી તોડફોડ થઈ ચુકી હતી. સુરેશભાઈની ફરિયાદને આધારે ઘેધુ ગામના રણુભાઈ બીજલભાઈ ભરવાડ, નાગજીભાઈ બીજલભાઈ ભરવાડ, સતીષભાઈ પોપટભાઈ ભરવાડ, અલ્કેશજી કરશનજી ઠાકોર, પ્રભાતજી ઉર્ફે લોલો સાંકાજી ઠાકોર અને પિન્ટુ રાધુજી ઠાકોર સહીત ટોળા સામે કલોલ તાલુકા પોલીસે આઈપીસી કલમ ૧૪૬, ૧૪૮, ૧૪૯, ૪૨૭ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

# પલસાણામાં ઘરે આવી ગયેલા પત્નિનાં પ્રેમીની ધોલાઈ..!

## દરવાજો બંધ કરીને પ્રેમીને પુરી દીધા બાદ પતિ તેના ભાઈઓને બોલાવી લાવ્યો ને ધારીયા અને લાકડીથી ફરી વળ્યો

ગાંધીનગર, તા. ૪

કલોલ તાલુકાના પલસાણા ગામમાં વિચિત્ર કિસ્સો બનવા પામ્યો છે. ગઈકાલે પરિણીત પ્રેમીકાનાં ઘરે તેનો સાત વર્ષ જુનો પ્રેમી આવી ગયો હતો. બે સંતાનો ધરાવતી પત્નિ સાથે પ્રેમી ઘરે બેઠો હતો ત્યારે જ પતિ અચાનક ઘરે આવી ગયો. બહારથી દરવાજો બંધ કરી દઈને આસપાસમાં રહેતા તેના જ ભાઈઓને બોલાવી લાવીને પત્નિના પ્રેમીને ધોઈ નાંખ્યો હતો. ગંભીર હાલતમાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. કલોલ તાલુકા પોલીસે આ બનાવ અંગે પ્રેમીની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને સાત વ્યક્તિઓ સામે ગુનો દાખલ કર્યો છે.

પલસાણામાં પરણ્યા બાદ પરિણિતાને બે સંતાનો છે. સાતેક વર્ષથી તેણીને તેના પિયર પાસે રહેતા એક યુવાન સાથે પ્રેમસંબંધ હતો. જેને પગલે પ્રેમીએ કલોલના પલસાણામાં ફરવાનું શરૂ કર્યુ અને યેનકેન પ્રકારે પ્રમિકાના પતિ સાથે મિત્રતા કરી લીધી હતી. જેથી તે ગમે ત્યારે ઘરે આવ-જા કરી શકે..! ગઈ કાલે બપોરે પ્રેમિકા તેના પતિ બહાર ગયા હોવાથી ઘરે પ્રેમીને બોલાવ્યો હતો. પરંતુ અચાનક પતિ પણ તે દરમ્યાન આવી ગયો હતો. ઉશ્કેરાયેલા પતિએ પત્નિના પ્રેમીને પુરી દીધા બાદ આસપાસ રહેતા ભાઈઓને બોલાવી લીધા હતા અને ધોકા અને ધારીયા વડે હિંસક હૂમલો કરીને હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં તેને હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યારે કાયદો હાથમાં લેનાર પતિ સહિત તેના ભાઈઓ મળી એક મહિલા સહિત સાત વ્યક્તિઓ સામે દાખલ કરી કલોલ તાલુકા પોલીસે તપાસ શરૂ કરી છે.

## ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં છેલ્લા ૪ દિવસથી પેન્શનરો ધક્કા ખાય છે

ગાંધીનગર, તા. ૪

ઈન્ડિયન ઓવરસીઝ બેંક ગાંધીનગર શાખામાં છેલ્લા ચાર દિવસથી પેન્શન જમા થયેલ નથી. પરિણામે વયોવૃદ્ધ પેન્શનરો બેંકના ધક્કા ખાય છે. તિજોરી કચેરીએ તેમની કક્ષાએ પેન્શન મંજુર કરીને ઈપેમેન્ટ કરેલ છે. પરંતુ મુંબઈની ઈપેમેન્ટ કચેરી દ્વારા રીલીઝ થયેલ નથી. બેંક સત્તાવાળાઓ આ અંગે જરૂરી કાર્યવાહી કરતા નથી. બેંકવાળા ફક્ત પેન્શન જમા થયુ નથી તેમ કહી હાથ ઊંચા કરી દે છે. તો બેંક સત્તાવાળાઓએ જરૂરી સંકલન કરીને કાર્યવાહી કરવાની જરૂરી છે.

# ચિલોડામાં ભાજપનું મહાજન સંપર્ક અભિયાન યોજાયું

## સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે કાર્યકરોને ખભેખભા મિલાવી કામે લાગી જવા પરેશ રાવલનું આહ્વાન : ગ્રામજનો દ્વારા ચિલોડા-અમદાવાદ હાઈવે ફોરલેન કરવા માંગ કરાઈ

ચિલોડા, તા.૪

આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા ચિલોડા ખાતે મહાજન સંપર્ક અભિયાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપના સાંસદ પરેશ રાવલે ઉપસ્થિત રહી પક્ષના કાર્યકરોને ખભેખભા મિલાવી કામે લાગી જવા આહ્વાન કર્યુંહતું. આ પ્રસંગે ગ્રામજનોએ ચિલોડા અમદાવાદ હાઈવેને ફોર લેન કરવા માંગ રજૂ કરી હતી.





(તસવીર : નટુભાઈ પટેલ)

અભિનેતા- સાંસદ પરેશ રાવલે ભાજપના કાર્યકરોનો આગવા અંદાજમાં જુસ્સો ચઢાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલીના ભરપેટ વખાણ કર્યા હતા. ભાજપના જિલ્લા મહામંત્રી હિતેષભાઈ પટેલે પક્ષની સંગઠન શકિતનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપના ગુજરાત પ્રદેશ મંત્રી અને પ્રભારી રમણસિંહ સોલંકીએ અફવાઓ પાછળ અજ્ઞાનતાનું કારણ જણાવી તેનું ખંડન કર્યું હતું. કાર્યક્રમમાં ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ રમેશભાઈ પટેલ, તાલુકા પ્રમુખ કાળુસિંહ રાઠોડ, પૂર્વ તાલુકા સદસ્ય અંજનાબેન પટેલ, દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, તાલુકા મહામંત્રી રવજીજી ઠાકોર, એપીએમસી ચેરમેન કેશાભાઈ પટેલ સહિત અગ્રણી હોદેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ચિલોડા, ઈસનપુર, લવારપુર, મગોડી, શિહોલી, ચંદ્રાલા અને ડભોડા ગામના અગ્રણી ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. ગ્રામજનોએ સાંસદ પરેશ રાવલ સમક્ષ ચિલોડા અમદાવાદ હાઈવેને ફોરલેન કરવા માટે ઉગ્ર રજૂઆતો કરી હતી. કાર્યક્રમમાં ભાજપના કાર્યકરો દ્વારા ઓનલાઈન ફોર્મ ભરી સદસ્યતા અભિયાન હાથ ધરાયું હતું. તેમજ ગ્રામજનોને માહિતી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

# સેક્ટર-૧૪માં નવા ચાર સખી મંડળોનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સે. ૧૪ ખાતે આજે નવરાત્રી ચોકમાં મેયર હંસાબેન મોદીના હસ્તે ચાર નવા સખી મંડળોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંજચાયત પ્રમુખ હીનાબેન પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



રાજય સરકારની મિશન મંગલમ્ યોજના અંતર્ગત મહિલા સશક્તિકરણના ભાગરૂપે સખીમંડળો દ્વારા મહિલાઓને કૌશલ્યવર્ધક તાલીમ અને તેમના દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે સુસંગત બજાર સાથે સાંકળીને આજીવિકામાં વૃદ્ધિ લાવવાના પ્રયાસ કરાય છે. આ અંતર્ગત સે. ૧૪માં પલ્લવીબેન પરીખના પ્રયાસોથી ચાર નવા સખીમંડળો મમતા, તિથિ, સંસ્કૃતિ અને સિતારાની રચના કરવામાં આવી છે. આ સખી મંડળોનું ઉદ્‌ઘાટન આજે ગાંધીનગર મનપાના મેયર હંસાબેન મોદીના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, મનપાના વિરોધ પક્ષના નેતા ચિમનભાઈ વિંઝુડા, કોર્પોરેટર્સ પરાગીબેન પંડ્યા, દર્શના અડાલજા, જીતુ રાયકા, અશ્વિન વ્યાસ સહિત મેડિકલ ઓફિસર ડૉ. દિનેશ બારોટ, એડવોકેટ સુનિલ રાઠોડ, મહિલા અગ્રણી મેઘાબેન ભટ્ટ અને મહિલા કન્સલટન્ટ રીતી મોહિલ ઉપરાંત સંત રોહિતદાસ સેવા સમાજના પ્રમુખ એસ.એમ. રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. ચારે સખી મંડળો દ્વારા બ્યુટીપાર્લર, શાકભાજી વેચાણ, પાણીપુરી અને ચોળાફળી જેવા વ્યવસાયોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સખીમંડળના મહિલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## માણસામાં મફત ચામડીના રોગોનો કેમ્પ યોજાશે

માણસા સ્થિત આનંદીમાનો વડલો પાલઈ વિધ્નેશ્વરીધામ ખાતે મફત ચામડીના રોગોનો નિદાન કેમ્પ યોજાશે. આજરોજ રવિવારે બપોરે ૨.૦૦ વાગે વિધ્નેશ્વરીધામ ખાતે યોજાશે. જેમાં ચામડીને લગતા રોગોનું નિદાન ડૉ. ગૌરવ પટેલ કરશે. માણસા અને આજુબાજુના ગામડાના દર્દીઓને લાભ લેવા જણાવ્યું છે.

## જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરીષદની સામાન્ય સભા આગામી ૬, જુલાઈ સોમવારના રોજ સાંજે ૫-૦૦ વાગે સેકટર-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતે નિવૃત્ત આઈ.એ.એસ. એચ.બી. વરિયાની અધ્યક્ષતામાં યોજાશે. બેઠકમાં પરિષદના સર્વે સભ્યો, પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ખેડૂતોને રાહત આપવા રજૂઆત કરાઈ

ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવ ન મળતાં સરકારે ખેડૂતોને રાહત પેકેજ નિમિત્તે રૂ. ૬૦૦ કરોડ વીજ બીલમાં માફી અને રૂ. ૬૦૦ કરોડ ટૂંકી મુદતના ધિરાણને ૫૦ ટકા વ્યાજ માફી જાહેર કરે છે, જેમાં વીજળી બિલની માફી ખેડૂતોને મળી ગઈ છે, પરંતુ વ્યાજ માફી હજુ સુધી ખેડૂતોને ન મળી હોવાથી બેન્કો દ્વારા ખેડૂતોને ઉઘરાણીની નોટીસો અપાઈ રહી છે, તો આપશ્રીને નમ્ર અપીલ છે કે સત્વરે સરકારે બેન્કોમાં નાણાં આપી ખેડૂતોને રાહત આપવા ગુજરાત ખેડૂત હિતરક્ષક મંડળે નાણામંત્રીને લેખિત રજૂઆત કરી છે.

## વેલવેટનો બંગલાનો મનોરથ

શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેક્ટર-૨૧ ખાતે આજે રવિવારે પવિત્ર પુરષોત્તમ માસ નિમિત્તે વેલવેટનો બંગલો મનોરથ યોજાશે.

## અવસાન નોંધ

રાંધેજા સ્થિત વાસુદેવભાઈ કચરાલાલ વ્યાસનું અવસાન ગત ૩ જી જુલાઈના રોજ થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું આજ રોજ રવિવારે સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન રાંધેજા સ્થિત રાજપૂત સમાજવાડી ખાતે રાખેલ છે.

## મનપામાં પેવર કામગીરીનો વધઘટનો હિસાબ કરવામાં ઠાગાઠૈયા !

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૮૦-૨૦ની યોજના હેઠળ સોસાયટીઓમાં પેવર પાથરવાની યોજના અમલમાં છે. જે યોજના હેઠળ ૮ માસ અગાઉ કામ થયેલ હોવા છતાં સોસાયટીવાળાઓએ જે રકમ ભરેલ છે તેનો વધઘટનો હિસાબ મહાનગર પાલિકા સત્તાવાળાઓ આપતા નથી પરિણામે સીનીયર સીટીઝનો ધક્કા ખાઈ પરત ફરે છે જયારે કોન્ટ્રાકટરને તેનું કામ કરવા બદલનું ચુકવણું ૮ માસ અગાઉ થયેલ છે તો બાકીનો હિસાબ પરત કરવામાં મનપા સત્તાવાળાઓને શું ચુંક આવે છે તે સમજાતું નથી.

## ગાંધીનગર પાવર સ્ટેશન સોસાયટીની સભા યોજાઈ

ગાંધીનગર પાવર સ્ટેશન કો.ઓ ક્રેડિટ અને સપ્લાય સોસાયટીની ૪૧મી સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં મંડળના પ્રમુખ તરીકે વિરભદ્રસિંહ કે. રાણા, સેક્રેટરી તરીકે રતનસિંહ જે. વાઘેલાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. તેમજ કમિટી મેમ્બરમાં ડી.સી. પંચાલ, કે.એ. પટેલ, એસ.ડી. ઢચા, આઈ.કે. સોલંકી અને ડી.આર. પટેલ ચૂંટણી દરમિયાન વિજયી બન્યા હતા. આંતરિક ઓડિટર તરીકે એચ.પી. જોષીની નિમણુંક કરવામાં આવી છે.

# ગુજરાતમાં શિક્ષણનો વેપાર થતો હોવાનો નાગરિક પરિષદનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં નઘરોળ વહીવટથી શિક્ષણ માત્ર ખાડે જ નહીં, પરંતુ ખીણમાં સબડતો હોવાનો આક્ષેપ કરી ગાંધીનગર શહેર જાગૃત નાગરીક પરિષદે શિક્ષણનો વેપાર થતો હોવાનો પણ આક્રોશ વ્યકત કર્યો છે. તાજેતરમાં માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિકના આવેલા પરિણામોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થયા હોવાનું જણાવી ભવિષ્યમાં કેવા નાગરિકોની નીપજ થશે તેવી ચિંતા વ્યક્ત કરી છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે રાજ્યના મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં ગુજરાતમાં શિક્ષણ ખાડે ગયું હોવાનો આક્ષેપ કર્યો છે. પત્રમાં જણાવ્યું છે કે સ્વનિર્ભર શાળાઓને નામે તગડા ધંધાદારી, શિક્ષણ માફીયાઓ, કોર્પોરેટ કંપનીઓ કે ઉદ્યોગપતિઓને છુટે હાથે શાળાઓની લ્હાણી કરવામાં આવી રહેલ છે. જેમાં સ્વનિર્ભરના નામે ૨૫૪૮ ખાનગી શાળાઓને મંજુરી અપાયેલી છે. જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં માત્ર ૧૬૭ સરકારી શાળાઓને મંજુરી અપાઈ છે. ધો. ૧૨ના સામાન્ય પ્રવાહના પરિણામમાં અઢી લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા જે છેલ્લા ૨૧ વર્ષમાં તેનું સૌથી નીચું પરિણામ આવ્યુ. વધુમાં આ પત્રમાં લખવામાં આવ્યું છે કે મેન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન પાથેયના ૨૦૧૪ના રીપોર્ટમાં ધો. ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ સાદા સરવાળા બાદબાકી પણ આવડતા નથી તેવા ૪૩ ટકા બાળકો પહેલા ધોરણનું પાઠ્યપુસ્તક પણ વાંચી શકતા નથી.

વધુમાં આ પત્રમાં ગુજરાતમાં શિક્ષણની બેહાલી અને કંગાલિયત અંગે અગાઉ રજુઆતો કરી છે તે મુજબ રાજ્યકક્ષાનુંએક વિશાળ ફલકનું શિક્ષણ સુધારણા કમિશનની રચના કરવામાં આવે તેવી માંગ કરી છે. પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆ દ્વારા પાઠવવામાં આવેલા પત્રમાં શિક્ષણના પ્રખર અભ્યાસી, સઘન અનુભવી અને ક્ષેત્રના પંડિતોનો સમાવેશ કરી નવી શિક્ષણ નીતિ માટેના શિક્ષણ સુધારણાના મહત્વના અને મુલ્યવાન સુચનો અને ભલામણો મેળવવામાં આવે તેવી વિનંતી પણ કરાઈ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૦
સૂર્યાસ્ત : ૭.૩૧

## તાપમાન

મહત્તમ : ૩૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૨ ટકા

## મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**
ગુડ્ડુ રંગીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૨.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
ટર્મીનેટર જેનીસીસ (અંગ્રેજી) (૩ડી) : ૧૨.૦૦, ૫.૦૦

**સ્ક્રીન-૪ :**
ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫
સેકન્ડ હેન્ડ હસબન્ડ : ૨.૪૫, ૧૦.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૪.૪૫ ● ૫પાનસમ (તમીલ) : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ગુડ્ડુ રંગીલા : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું.

**મિથુન** : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. મધુબેન ડાહ્યાલાલ નાયક (ઉ.વ.૭૫) મુ. રીદ્રોલ, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. રુપજી સમરથજી પુરોહિત (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૫૯૬/૧, સે-૧૩એ, ગાંધીનગર
- સ્વ. અમિતાભ ડે (ઉ.વ.૫૮) બી/૭, કલ્પવૃક્ષ સોસાયટી, નવા કોબા, ગાંધીનગર
- સ્વ. સુંદરકૌર મિલાપસિંહ જોધા (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૪૩૩/૧, સે-૪બી, ગાંધીનગર